# Nayab Mamlatdar D.y.S.O.Prelim Exam Study Material-3

## સામાન્ય જ્ઞાન

## જીવવિજ્ઞાનની મુખ્ય શાખાઓ

→ એનાટોમી - શરીરની આંતરિક રચનાનો આભ્યાસ

→ એન્થ્રોપોલોજી - માનવ-વિકાસ, રીતિ – રિવાજ અને પરંપરાનો અભ્યાસ

→ કિમોથેરાપી - રાસાયણિક સંયોજનોથી રોગનો ઉપચાર

→ એન્ટોમોલોજી - પ્રાણીવિજ્ઞાનમાં કીટક, પતંગિયાનો વ્યાપક અભ્યાસ

→ એપીડીમીયોલોજી - મહામારી અને તેના ઉપચાર માટેની શાખા

→ એક્સ – બાયોલોજી - અન્ય ગ્રહો પર જીવન અંગેનો અભ્યાસ

→ જીરોન્ટોલોજી - અન્ય ગ્રહો પર જીવન અંગેનો અભ્યાસ

→ હાઈજીન - સ્વાસ્થ્યની સાર-સંભાળ માટેનો અભ્યાસ

→ મોરફોલોજી - પૃથ્વી પરના વનસ્પતિ, પ્રાણીઓની સરંચના, રૂપ, પ્રકારનું અધ્યયન

→ ન્યુરોલોજી - માનવશરીરની નાડી, ચેતાઓ અને મસ્તિષ્કનું અધ્યયન

→ હાઈડ્રોપોનિક્સ - કૃષિ વિજ્ઞાનમાં જળ સંવર્ધન અધ્યયન

→ ઓરનીથોલોજી - પક્ષીઓનું અધ્યયન

→ પોમોલોજી - ફળોનું અધ્યયન

→ એગ્રોસ્ટોલોજી - ઘાસનું અધ્યયન

→ અડોન્ટોલોજી - દાંતનું અધ્યયન

→ ફાયકોલોજી - શેવાળનું અધ્યયન

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

→ ટોક્સીલોજી - ઝેરનું અધ્યયન

→ બોટની - વનસ્પતિ શાસ્ત્ર

→ ઝુલોજી - પ્રાણી વિજ્ઞાન

## ભારતનું બંધારણ

### રાષ્ટ્રીય ધ્વજ

24 જુલાઈ 1947ના રોજ બંધારણીય સભાએ રાષ્ટ્રીય ધ્વજનો સ્વીકાર કર્યો. વર્તમાન રાષ્ટ્રીય ધ્વજની ડીઝાઇન મેડમ ભીખાઈજી કામાએ તૈયાર કરી હતી. રાષ્ટ્રધ્વજની લંબાઈ અને પાહોળાઈનું પ્રમાણ 3:2 છે. રાષ્ટ્રધ્વજ ત્રણ રંગોમાં વહેચાયેલ છે. જેમાં કેસરી રંગ બલિદાનનું, સફેદ રંગ શાંતિ અને સત્યનું, લીલો રંગ વિશ્વાસ અને દાક્ષિણ્યનું પ્રતિક છે. વચ્ચે વાદળી રંગનું અશોકચક્ર છે જે પ્રગતિનું પ્રતિક છે.

### રાષ્ટ્રીય પ્રતિક

26 જાન્યુઆરી 1950ના રોજ ભારત સરકારે સારનાથ (વારાણસી)માં સ્થિત અશોક સ્તંભ ઉપરની ચાર સિંહોની મુખાકૃતિને રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્વીકાર કર્યો છે. જમણી બાજુ બળદ અને હાથી જયારે ડાબી બાજુ ઘોડો અને સિંહ છે. તેની નીચે દેવનાગરી લિપિમાં 'સત્યમેવ જયતે' લખાયું છે. જે મૂંડકોપનિષદમાંથી લેવાયેલ છે. જે રાષ્ટ્રીય વાક્ય તરીકે ઓળખાય છે.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

## રાષ્ટ્રગાન

'જન – મન – ગન' એ આપણું રાષ્ટ્રગાન છે. જેનો બંધારણીય સભાએ 24 જાન્યુઆરી 1950ના રોજ સ્વીકાર કર્યો હતો. સૌપ્રથમ 27 ડીસેમ્બર 1911ના રોજ રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં ગવાયું હતું. આ ગીતની રચના રવીન્દ્રનાથ ટાગોરે કરી હતી. આ ગીતામાં કુલ 5 પદ છે. જેમાંથી પ્રથમ પદનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ પદમાં પ્રથમ અને છેલ્લી પંક્તિ ગવાય છે. રવીન્દ્રનાથ ટાગોરના આ ગીતનું પ્રકાશન સૌપ્રથમ 1912માં 'તત્વબોધિની' નામની પત્રિકામાં 'ભારત ભાગ્ય વિધાતા' શીર્ષક હેઠળ થયું હતું.

## રાષ્ટ્રગીત

'વંદે માતરમ્' આપણું રાષ્ટ્રગીત છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત નવલકથા 'આનંદમઠ'માંથી લેવાયું છે. પ્રથમવાર 1896ના કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં ગવાયું હતું.

## રાષ્ટ્રીય કેલેન્ડર

શક સવંતને રાષ્ટ્રીય કેલેન્ડર તરીકે ભારત સરકારે 22 માર્ચ 1957ના રોજ સ્વીકાર કર્યો છે. પ્રથમ માસ ચૈત્ર અને છેલ્લો માસ ફાગણ છે.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

## વર્તમાન બનાવો

### આર.અશ્વિન બીજી વખત ICC ટેસ્ટ રેકિંગમાં પ્રથમ ક્રમે

- ICC ટેસ્ટ બોલરોની તાજેતરની રેકિંગમાં ભારતના આર. અશ્વિન બીજી વખત વિશ્વના નંબરવન ટેસ્ટ બોલર બન્યો છે. તેમણે આ સ્થાન પાકિસ્તાનના યાસિન શાહની જગ્યાએ મેળવ્યું.

### રિભવ દેશનો સૌથી નાનો ગોલ્ફ ચેમ્પિયન બન્યો

- ઇન્ડિયન ગોલ્ફ યુનિયન ટુર્નામેન્ટમાં 6 થી 10 વર્ષના ચાર વખતના વિજેતા રહેલા જાલંધરના રિભવ શર્મા 27 જુલાઈ 2016ના રોજ ભારતના સૌથી નાનો ગોલ્ફ ચેમ્પિયન બન્યો.

### ગોલ્ફર રિભવ વિશે ટૂંકમાં પરિચય

- મેયર વર્લ્ડ સ્કુલમાં ચોથા ધોરણમાં અભ્યાસ કરતો રિભવ દરરોજ છ કલાક ગોલ્ફનો અભ્યાસ કરે છે.
- એક મહિનામાં એટીએમ ચેમ્પિયન જૂનિયર ગોલ્ફ ટૂર્નામેન્ટ જીતી હતી.

### ટીએમ કૃષ્ણા અને બેજવાડા વિલ્સન વર્ષ 2016ના રોજ મેગ્સેસે પુરસ્કાર માટે પસંદગી પામ્યા

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

- ભારતના બે માનવઅધિકાર કાર્યકર્તા ટીએમ કૃષ્ણા અને બેજવાડા વિલ્સન વર્ષ 2016ના રેમન મેગ્સેસે પુરસ્કાર માટે પસંદગી પામ્યા છે. તેમના નામની જાહેરાત જુલાઈ 2016ના અંતમાં કરવામાં આવી હતી. ટીએમ કૃષ્ણા કલાસિકલ સિંગર છે. અને વિલ્સન 'સફાઈ કર્મચારી આંદોલન' સાથે જોડાયેલા છે.

## રેમન મેગ્સેસે પુરસ્કાર વિશે માહિતી

- રેમન મેગ્સેસે પુરસ્કાર ફિલીપાઈન્સનો એક એવોર્ડ છે. જે ફિલીપાઈન્સના પૂર્વ રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેના નામ પર આપવામાં આવે છે.
- આ પુરસ્કાર છ ક્ષેત્રમાં – ગવર્નમેન્ટ સર્વિસ, પબ્લિક સર્વિસ, કમ્યુનિટી લીડરશીપ, ઝર્નાલીઝમ – લીટરેચર – ક્રિએટીવ કમ્યુનિકેશન આર્ટ, પીસ – ઈન્ટરનેશનલ અંડરસ્ટેન્ડીગ, ઈમરજેન્ટ લીડરશિપમાં આપવામાં આવે છે.
- ભારતમાં અત્યાર સુધીમાં કૂલ 53 લોકોને આ પુરસ્કાર મળી ચુક્યો છે.

## ભારતનું ભૂગોળ

2. ઉત્તરના વિશાળ મેદાનો :-

→ આ મેદાનો હિમાલય પર્વતશ્રેણી અને દ્વીપ કલ્પીય ઉચ્ચપ્રદેશ વચ્ચે પૂર્વથી પશ્ચિમ 2400 કિમી. લંબાઈમાં અને 240 થી 320 કિમી પહોળાઈમાં પથરાયેલા છે.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

→ હિમાલયની નદીઓ ગંગા, બ્રહ્મપુત્ર, યમુના, સિંધુ વગેરે તથા દ્વીપ કલ્પીય નદીઓ શોણ, ચંબલ, બેતવા, કેન વગેરે દ્વારા ઢસડાઈને જમા થયેલા કાંપથી આ ફળદ્રુપ મેદાનોની રચના થઈ છે .

→ કાંપની વિશેષતાના આધારે આ મેદાનોને ભાભર, તરાઇ, બાંગર, ખાદર એમ ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવે છે.

ભાભર :

→ નિર્માણ હિમાલયની નદીઓ દ્વારા કાંકરા અને પથ્થરોના નિક્ષેપણથી  નદીના પ્રવાહને સમાંતર પટ્ટી સ્વરૂપે થયું છે. આ મેદાનો ખેતી માટે અનુકુળ નથી. શિવાલિકના દક્ષિણમાં જમ્મુથી અસમ સુધી 8 થી 15 કિ.મી. પહોળાઈમાં પથરાયેલા છે.

તરાઇ :

→ ભાભરની દક્ષિણે 15 થી 30 કિમી પહોળાઈમાં વિસ્તરેલા છે. આ નિમ્ન સમતલીય અને ભીનાશવાળા દલદલીય મેદાનો છે. અહી ગીચ જંગલો, વન્યજીવો અને મચ્છરોનો ઉપદ્રવ છે. આ મેદાનો પૂર્વમાં અપેક્ષાકૃત પહોળા છે.

બાંગર :

→ નદીઓ દ્વારા જૂના કાંપથી નિર્મિત ઉત્તરના મેદાનોનો વિશાળતમ ભાગ છે, જે નદીઓની પુર સીમાથી ઉપર સ્થિત છે. આ જમીનોમાં ચૂનાના નિક્ષેપોનુ પ્રમાણ વધુ છે. જેને સ્થાનિય ભાષામાં કંકડ કહે છે. ગંગા-યમુના, દો-આબ અને સતલજના મેદાનો આ પ્રકારના છે.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

**ખાદર :**

→ નદીઓ દ્વારા પૂરને કારણે નિરંતર થતા નવા કાંપના જમાવને કારણે રચાયા છે. આથી ફળદ્રુપતા સૌથી વધારે છે આથી અહી ખેતીનો સારો વિકાસ થયેલો છે.

→ ભૂ-આબોહવા અને સ્થળાકૃતિઓની વિશેષતાના આધારે ઉત્તરના મેદાનો ચાર મધ્ય પ્રદેશોમાં પણ વર્ગીકૃત કરાયા છે.

1. રાજસ્થાન (મહામરુસ્થળીય) મેદાન 2. પંજાબ-હરિયાણા મેદાન 3. ગંગા મેદાન
4. બહ્મપુત્ર મેદાન.

**નોધ :**

**દો-આબ :**

→ દો એટલે બે અને આબ એટલે પાણી. બે નદીઓ વચ્ચેની ભૂમિ દોઆબ કહેવાય. ગંગા-યમુનાનો દો-આબ, યુક્રેટીસ અને ટાઈગ્રીસ દો-આબ.

**પંજાબ :**

→ પંજ એટલે પાંચ, પાંચ નદીઓ દ્વારા નિર્મિત મેદાનો એટલે પંજાબ. સતલજ, રાવી, બિયાસ, જેલમ, ચિનાબ, પંજાબનો મોટો ભાગ પાકિસ્તાનમાં આવેલો છે.

**મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.**

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

### નૃત્યકાર

### 1) મૃણાલિની સારાભાઇ : (1928)

→ દક્ષિણ ભારતમાં જન્મેલા, વિક્રમ સારાભાઈના પત્ની મૃણાલિની બહેનનાં નૃત્યમાં 'ભારતનાટ્યમ' નું શુદ્ધ સ્વરૂપ જોવા મળે છે. તેમની સંસ્થા 'દર્પણ' નૃત્ય નાટ્યક્ષેત્રને લોકપ્રિય કરનાર અભિયાન સમાન બની રહી છે. 'ઇન્ડિયન ફિલાટેલિક બ્યુરો', 'નેશનલ પરફોર્મિંગ આર્ટસ', ગુજરાત સંગીત નાટક અકાદમી વગેરે જેવી સંસ્થાઓમાં અધ્યક્ષ કે સભ્ય તરીકે સેવાઓ આપી છે.

### 2) મલ્લિકા સારાભાઈ : (1953)

→ આંતરારાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નૃત્યાંગના અને અભિનેત્રી, વિક્રમ સારાભાઇના પુત્રી મલ્લિકાનો જન્મ અમદાવાદમાં થયો હતો. ભરતનાટયમ અને કૂચીપૂડી નૃત્યમાં પ્રવિણતા મેળવી અને ટી.વી. માટે વિવિધ સંખ્યાબંધ કાર્યક્રમો આપી, ભારતીય કલાને તેમને વિદેશોમાં લોકપ્રિય બનાવી. તેમને કલાક્ષેત્રનો 'ગૌરવ પુરસ્કાર' અપાયો છે.

### 3) કુમુદિની લાખિયા : (1930)

→ 'કથ્થક' નૃત્યક્ષેત્રે વિશ્વવિખ્યાત કુમુદિનીનો જન્મ મુંબઈમાં થયો હતો . તેમની અમદાવાદની કથ્થક નર્તનશાળા 'કદમ્બ' નૃત્યકલાર્થીઓનું આકર્ષણ બની રહી છે. સુપ્રસિદ્ધી ફિલ્મ 'ઉમરાવજાન' અને 'સુરસંગમ' માં નૃત્ય દિગ્દર્શન કર્યું.

→ અનેક પુરસ્કારો અને એવોર્ડ પ્રાપ્ત કરનાર કુમુદિની લાખિયાની કળામાં શાસ્ત્રજ્ઞ અને સર્જનાત્મક કળાનો સુયોગ જોવા મળે છે.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

4) સોનલ માનસિંહ : (1944)

→ ઓડિસી, કૂચીપૂડી, છાંવ જેવી  વિવિધ શાસ્ત્રીય શૈલીમાં પારંગત સોનલબેને નૃત્ય સાથે 'પ્રવચન'નો નવો ચીલો શરૂ કર્યો. તમા 1977માં દિલ્હી ખાતે 'સેન્ટર ફોર ઇન્ડિયન કલાસિકલ ડાન્સ' ની સ્થાપના કરી. 1992 માં તેમને 'પદ્મભૂષણ' પુરસ્કાર મળ્યો.

## રમતગમત

## વોલીબોલ

→ મેદાન (કોર્ટ) : લંબાઈ 18 મીટર, પહોળાઈ : 9 મીટર

→ નેટ : પહોળાઈ 1 મીટર, લંબાઈ 9.50 મીટર

→ દડાનું વજન : 260 થી 280 ગ્રામ

→ ખેલાડીઓ : એક ટીમમાં 6

→ રમત સાથે સંકળાયેલ શબ્દો : સર્વિસ, નેટ ફોલ્ટ, રોટેશન,બ્લોકિંગ, ડ્યૂસ, બુસ્ટર, વોલી, લવ, સ્મેશ, સ્વિચ, ફ્લોટર, એશ્વિલ

→ વોલીબોલનો જન્મદાતા યુ.એસ.એ. છે.

→ તેની સર્વોચ્ચ સંસ્થા ઇન્ટરનેશનલ વોલીબોલ ફેડરેશન છે જેની સ્થાપના 1948માં થઇ હતી.

→ પ્રથમ વોલીબોલ વિશ્વ કપ 1949માં યોજાયો હતો તથા 1964માં પ્રથમ વખત વોલીબોલનો ઓલમ્પિકમાં સમાવેશ થયો હતો.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

## ભારતની અર્થવ્યવસ્થા

## ભારતમાં ગરીબી

→ ગરીબી એટલે એવી સ્થિત કે જેમાં સમાજનો એવો વર્ગ જે તેની મૂળભૂત જરૂરિયાતો સંતોષી શકતો નથી.

→ ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિ દીઠ 2400 કેલેરી તથા શહેરી વિસ્તારોમાં 2100 કેલેરી જે લોકો પ્રાપ્ત ન કરી શકે તેઓ ગરીબરેખા નીચે જીવી રહ્યા છે તેમ કહેવાય છે.

→ (BPL – Below Poverty Line)

→ ગરીબી રેખા નિર્ધારણ માટે સુરેશ તેડુંલકરની અધ્યક્ષતામાં સમિતિની રચના 2008માં થઈ હતી. જેણે અહેવાલ 2009માં આપ્યો.

→ તેડુંલકર સમિતિએ ગરીબી રેખા નિર્ધારિત માટે દૈનિક કેલેરીની જરૂરિયાતના બદલે આવશ્યક વપરાશ ખર્ચને માપદંડ તરીકે સ્વીકાર્યો હતો. જે પ્રમાણે આવશ્યક જીવન જરૂરિયાતનો ખર્ચ (કોસ્ટ ઓફ લિવિંગ)ને વપરાશ ખર્ચ આધાર તરીકે સ્વીકારાયો.

→ તેંડુલકર સમિતિના ફોર્મુલ્યા આધારે વર્ષ 2004-05માં ભારતમાં 37% વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી હતી.

→ વર્ષ 2009-10માં અખિલ ભારતીય સ્તરે ગ્રામીણ ક્ષેત્રોમાં પ્રત્યેક મહીને 672.2 રૂ. (દૈનિક 22.423) તથા શહેરી ક્ષેત્રોમાં પ્રત્યેક મહીને 859.6 રૂ. (દૈનિક 28.653) ના વપરાશ ખર્ચનો માપદંડ તેંડુલકર સમિતિના સુજાવ પર માનવામાં આવ્યો હતો.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.

જે આધારે વર્ષ 2009 – 10 માં 29.8% વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી (BPL) હતી.

→ વપરાશ ખર્ચ પ્રત્યેક રાજયમાં અલગ-અલગ હતો. સૌથી વધુ નાગાલેન્ડમાં માસિક 1016.8 રૂ. (ગ્રામીણ) અને 1147.6 રૂ. (શહેરી) હતો. જયારે સૌથી ઓછો ઓરિસ્સામાં માસિક રૂ. 567.1 (ગ્રામીણ) અને રૂ. 736.6 (શહેરી) માનવામાં આવ્યો હતો.

→ ગુજરાતમાં માસિક રૂ. 725.9 (ગ્રામીણ) અને રૂ. 951.4 (શહેરી) પ્રતિ વ્યક્તિ વપરાશ ખર્ચ માનવામાં આવ્યો હતો.

→ 2009-10માં સૌથી વધુ ગરીબોની સંખ્યા ધરાવતા પ્રથમ ત્રણ રાજયો ઉતરપ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્ર હતા. જયારે ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ પ્રમાણ બિહાર (53.5%) છતીસગઢ (48.17%) અને મણિપુર (47.1%) માં હતું.

→ સૌથી ઓછું ગરીબીનું ટકાવારી પ્રમાણે ગોવા (9.4%) અને હિમાચલ પ્રદેશ (9.5%)માં હતું. ગુજરાતમાં ગીરીબોનું પ્રમાણ 23% હતું.

મિત્રો GPSC, PSI, BANK, POLIC, TET, TAT, POST OFFICE જેવી તમામ પરિક્ષાઓની અપડેટ મેળવવા તથા સ્ટડી મટીરીયલ માટે MO : 99097 41253 (JOBGUJ.IN) તમારી પાસે રહેલાં વોટ્સએપ ગ્રુપમાં આપેલ નંબર એડ કરો.